# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૪/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/૩૫૪ તા.૧૯.૦૩.૨૦૨૨

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં.૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૩૪/ક્વા-૦૪/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી જાડેજા ભુપતસિંહ રવુભા ગામ – ખંઢેરા

સબડીવીઝન: કાલાવડ ઈસ્ટ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર રૂરલ

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

તારીખ: મંગળવાર (૨૨-૦૨-૨૦૨૨)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો દ્વારા ખાંઢેરી ગામે સેવા સેતુ કાર્યક્રમમાં લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ કે તારીખ ૧૨/૦૯/૨૦૨૧ ની રાત્રે પડેલા ભારી વરસાદના કારણોસર અમારા નદી કાંઠાનું ખેતીવાડી માટે નું વીજ કનેક્શન ગ્રાહક નંબર૩૨૬૦૫/૦૧૫૧૭/૩ જે રવુભા કેશરીસંગ ના નામનું છે જેમાં તાર તૂટી ગયેલ છે તેમજ મીટર બંધ છે. તેના માટે આજ દિવસ સુધીમાં એક પણ કર્મચારી તપાસ કરવા માટે આવેલ નથી જેથી આપશ્રીને લેખિત માં જાણ કરવાની ફરજ પડેલ છે, બીજું કે આમરું વીજ કનેકશન નદી કાંઠે આવેલ હોવાથી નદીમાં ભારે પુર આવવાથી મીટર ખરાબ થવાના કારણોસર જો લેખિત માં મીટરની પેટી થાંભલે લગાવવાની માંગણી કરેલ છે, કારણ કે ૨૦૦૪ થી ૨૦૨૧ સુધીમાં પાંચ વખત મીટર બદલાવવાની ફરજ પડેલ

છે. મીટર બંધ હોવાથી ડિસેમ્બર મહિના નું બિલ મળેલ નથી જેની આપ નોંધ લેશો.આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ ફરીયાદી શ્રી ભુપતસીંહ રવુભા જાડેજા, ગામ : ખંઢેરા, તા. કાલાવડ, જીઃ જામનગર કે જેઓએ નામદાર ગ્રાહક ફોરમમાં ફરીયાદ કરેલ જેની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧) ગ્રાહકનુ નામ અને | : શ્રી રવુભા કેસરીસંગ જાડેજા |
| ( સરનામુ) | : ગામ : ખંઢેરા, તા. કાલાવડ, જીઃ જામનગર |
| ૨) ફરીયાદીનુ નામ અને | : શ્રી ભુપતસીંહ રવુભા જાડેજા, |
| ( સરનામુ) | : ગામ : ખંઢેરા, તા. કાલાવડ, જીઃ જામનગર |
| ૩) ગ્રાહક નંબર અને કેટેગરી | : ૩૨૬૦૫-૦૧૫૧૭-૩, ૧૫ હો.પા. (એજી) |

૨.૧ શ્રી ભુપતસીંહ રવુભા જાડેજા, ગામ : ખંઢેરાની ફરીયાદ તા. ૦૬.૦૧.૨૦૨૨ મુજબ તેમના ખેતીવાડી વિજ કનેશનમાં વીજ ફોલ્ટ રીપેર કરી લાઇટ ચાલુ કરી આપવા નામદાર ફોરમમાં ફરીયાદ કરેલ હતી. સદર ગ્રાહકે ખેતીવાડી વિજ જોડાણમાં વીજ ફોલ્ટ થયાની અરજી કાલાવડ ઇસ્ટ પેટા વિભાગીય કચેરીને સરકારશ્રીના સેવા સેતુ કાર્યક્રમમાં ખંઢેરા ગામે તા. ૨૯.૧૦.૨૦૨૧ નાં આપેલ હતી. પરંતુ કલાવડ ઈસ્ટ કચેરી હેઠળ આવતા અલગ અલગ ફિડરો અને કાલાવડ તાકુલામાં થયેલ ભારે વરસાદ ને કારણે નદી કાંઠા વિસ્તાર ના વિજ નેટવર્ક ને ભારે નુકશાન થયેલ હતુ, આમ સદર ગ્રાહકનો વિજ પુરવઠો ચાલુ કરવા માટે વિલંબ થયેલ છે. સદર ગ્રાકહની ફરીયાદ મુજબ તા. ૩૧.૦૧.૨૦૨૨ નાં રોજ વીજ ફોલ્ટ રીપેર કરીને વિજ મીટર બદલી આપીને વિજ પુરવઠો કાલાવડ ઇસ્ટ પેટા વિભાગ દ્વારા કરી આપેલ છે. જેથી ફરીયાદીને સદર કામગીરી કરેલ તે બાબતે સંતોષ થયેલ હોય માટે ફરીયાદીએ ફરીયાદ બાબતે હવે કાંઇ કહેવાનુ રહેતુ ન હાય તે બાબતે સમાધાન પુરસીસથી સંમતી આપેલ છે જે આ સાથે સામેલ રાખેલ છે, તેમજ ગ્રાહકનુ વિજ મીટર બદલી આપેલ તે અંગેનુ પ્રફોમાં નં ૧૦૪૨૯ આ સાથે સામેલ રાખેલ છે. આમ સદર ગ્રાહની ફરીયાદનુ નિરાકારણ થયેલ છે.તથા તા. ૩૧.૦૧.૨૦૨૨ સમાધાન પત્ર માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની ભાટીયા પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ દેવભુમી દ્વારકા વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૦૪.૦૨.૨૦૨૧ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |